Seat No. : ______________

# NI-133

**November-2025**

**B.A., Sem.-V**

**DSC-M-354 : Gujarati**

**(A : આરંભકાળના ગુજરાતીના સર્જક અને કૃતિનો પરિચય)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

સૂચનાઓ : (1) બધા પ્રશ્નોના ગુણ સરખા છે.

(2) જમણી બાજુ દર્શાવેલ અંક ગુણ સૂચવે છે.

1. નર્મદનું જીવનકવન વર્ણવો. **10**

**અથવા**

1. દલપતરામની સાહિત્ય સેવાની નોંધ લખો. **10**

2. કોઈપણ બે કૃતિ નોંધ લખો : **10**
   (1) 'મિથ્યાભિમાન'
   (2) 'કરણઘેલો'
   (3) 'લલિતા દુ:ખદર્શક'
   (4) 'મારી હકીકત'

3. ગોવર્ધનરામ ત્રિપાઠીની સાહિત્યસેવાની નોંધ લખો. **10**

**અથવા**

3. રમણભાઈ નીલકંઠનું સાહિત્યસર્જન વર્ણવો. **10**

4. કોઈપણ બે કૃતિનો પરિચય આપો : **10**
   (1) કુસુમમાળા
   (2) પૂર્વાલાપ
   (3) કલાપીનો કેકારવ
   (4) ભદ્રંભદ્ર

5. યોગ્ય વિકલ્પ શોધો : (કોઈપણ દસ) **10**

(1) દલપતરામ ______ યુગના સર્જક છે.

(a) સુધારક (b) પંડિત

(c) સાક્ષર (d) ગોવર્ધન

(2) 'સાસુવહુની લડાઈ' કૃતિના સર્જક ______ છે.

(a) નર્મદ (b) દલપતરામ

(c) મહીપતરામ નીલકંઠ (d) નવલરામ

(3) મિથ્યાભિમાન નાટકના સર્જક ______ છે.

(a) રણછોડભાઈ ઉદયરામ (b) નવલરામ

(c) દલપતરામ (d) નર્મદ

(4) ગુજરાતીની પ્રથમ આત્મકથા 'મારી હકીકત'ના સર્જક ______ છે.

(a) નર્મદ (b) દલપતરામ

(c) નવલરામ (d) કરસનદાસ મૂળજી

(5) નવલરામનું પ્રદાન મુખ્યત્વે ______ તરીકેનું છે.

(a) નવલકથાકાર (b) નિબંધકાર

(c) કવિ (d) વિવેચક

(6) સાક્ષરયુગ, ગોવર્ધનયુગ, સમન્વયયુગ એટલે ______

(a) પંડિતયુગ (b) સુધારકયુગ

(c) મધ્યકાલીનયુગ (d) નર્મદ-દલપતયુગ

(7) 'સરસ્વતીચંદ્ર' નવલકથા ______ ભાગમાં લખાઈ છે.

(a) એક (b) બે

(c) ત્રણ (d) ચાર

(8) ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ ખંડકાવ્ય લખનાર કવિ ______ છે.

(a) કાન્ત (b) કલાપી

(c) નરસિંહરાવ દિવેટિયા (d) બળવંતરાય ઠાકોર

(9) બળવંતરાય ઠાકોરનો કાવ્યસંગ્રહ ______ છે.

(a) કલાપીનો કેકારવ (b) કુસુમમાળા

(c) ભણકારા (d) પૂર્વાલાપ

(10) મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો જન્મ ______ માં થયો હતો.

(a) નડીયાદ (b) ભાવનગર

(c) જામનગર (d) પાટણ

(11) ન્હાનાલાલના પિતાનું નામ ______ છે.

(a) દલપતરામ (b) નવલરામ

(c) મહીપતરામ નીલકંઠ (d) નર્મદ

(12) 'રાયનો પર્વત' નાટકના સર્જક ______ છે.

(a) કાન્ત (b) કલાપી

(c) ન્હાનાલાલ (d) રમણભાઈ નીલકંઠ

Seat No. : _______________

# NI-133

**November-2025**

**B.A., Sem.-V**

**DSC-M-354 : Gujarati**

**(B : મીરાંના પદો)**

**(As per NEP-2020)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

સૂચના : બધા પ્રશ્નો ફરજિયાત છે.

1. પદ સાહિત્યસ્વરૂપના લક્ષણો જણાવી તેની વિકાસરેખા આલેખો. **10**

અથવા

1. મીરાંના જીવન અને સાહિત્યસર્જન વિશે જણાવો. **10**

2. (A) મીરાંની પ્રેમલક્ષણા ભક્તિનો પરિચય આપો. **7**

(B) 'નાથ, તમે તુલસીને પત્રે તોળાણા' પદનું રસદર્શન કરાવો. **3**

અથવા

2. (A) મીરાંના પદોમાં આલેખાયેલ વિરહભાવ વિશે નોંધ લખો. **7**

(B) 'શામળિયો લાજ રાખે રાણાજી !' પદનું રસદર્શન કરાવો. **3**

3. (A) મીરાંના પદોની ભાષાશૈલી વિશે જણાવો. **7**

(B) 'જૂનું તો થયું રે દેવળ' કાવ્યનું રૂપક સ્પષ્ટ કરો. **3**

અથવા

3. (A) ભક્ત-કવયિત્રી તરીકે મીરાંનું મૂલ્યાંકન કરો. **7**

(B) 'જેને મારા પ્રભુજીની ભક્તિ'માંનો પ્રભુભક્તિનો મહિમા વર્ણવો. **3**

4. નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરાવો : (કોઈપણ એક) **10**

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.
ઝંઝાના ઝાંઝરને પહેરી પધારપિયા,
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા,
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા,
સોનેરી સોણલું બતાડી તું જા. મારી.
સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બે એક આરોગી,
જનમભૂખીને જમાડી તું જા. મારી.
ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે,
ફાવે ત્યાં એને હંકારી તું જા. મારી.

– સુન્દરમ્

**અથવા**

ભોમિયા વિના મારે ભમવોતા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી,
સૂના સરવરિયાની સોનેરી પાળે
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે
અંતરની વેદના વણવી હતી.
એકલા આકાશ તળે ઊભીને એકલો
પડઘા ઉરબોલતા ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં
એકલો અટૂલો ઝાંખો પડ્યો.
આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

– ઉમાશંકર જોશી

5. નીચેનામાંથી કોઈપણ **દસ**નાં યોગ્ય વિકલ્પ જણાવો : **10**

(1) મીરાંનો જન્મ ક્યાં થયો હતો ?

(મેડતા, મેવાડ, જોધપુર, ઉદયપુર)

(2) મીરાંનાં પતિનું નામ શું હતું ?

(વિક્રમસિંહ, સંગ્રામસિંહ, ભોજરાજ, રત્નસિંહ)

(3) 'મીરાંનાં પદો'ના સંપાદક કોણ છે ?

(ઉમાશંકર જોશી, કે.કા.શાસ્ત્રી, કાન્ત, સુન્દરમ્)

(4) મીરાંની કવિતાનો મુખ્ય વિષય કયો છે ?

(પ્રણય, પ્રકૃતિ, કૃષ્ણભક્તિ, રામભક્તિ)

(5) મીરાંબાઈના ગુરુ કોણ હતા ?

(સંત કબીર, રૈદાસ, નરસિંહ મહેતા, રામદાસ)

(6) મીરાંનાં પિયરમાં કયો ધર્મ પળાતો હતો ?

(જૈન ધર્મ, શૈવ ધર્મ, વૈષ્ણવ ધર્મ,સ્વામિનારાયણ ધર્મ)

(7) મીરાંને ખુલ્લી તલવાર લઈ મારવા કોણ જાય છે ?

(ભોજરાજ, અકબર, વિક્રમસિંહ, સંગ્રામસિંહ)

(8) 'પદ' એ કઈ ભાષાનો શબ્દ છે ?

(સંસ્કૃત, પાલી, લેટિન, ગુજરાતી)

(9) નરસિંહ અને મીરાંને 'ખરાં ઇલ્મી ખરાં શૂરાં' કોણે કહ્યા છે ?

(કાન્ત, કલાપી, ક.મા. મુનશી, નિરંજન ભગત)

(10) મીરાં એમના પાછલા જીવનમાં ક્યાં વસ્યા હતા ?

(રાજકોટ, મેડતા, દ્વારિકા, મેવાડ)

(11) મીરાં કયા સમયગાળામાં થઈ ગયાં ?

(1420 થી 1470, 1495 થી 1560, 1498 થી 1565, 1480 થી 1530)

(12) મીરાંબાઈ કયા યુગના કવિયત્રી છે ?

(મધ્યકાલીન, ગાંધી, અનુગાંધી, આધુનિક)

---